# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૨–૦૭– ૨૦૧૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરનુ પ્રતિનિધિ મંડળ આઈ.એમ.સી., મુંબઈની મુલાકાતે

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનું એક પ્રતિનિધિ મંડળ પ્રમુખ શ્રી રોહિતભાઈ મહેતાની આગેવાનીમાં ઈન્ડિયન મર્ચન્ટસ ચેમ્બર, મુંબઈની મુલકાતે ગયું હતું. આઈ.એમ.સી.ની મેનેજિંગ કમિટિ ધ્વારા આ પ્રતિનિધિ મંડળને આવકારવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમ્યાન ચેમ્બર પ્રમુખ શ્રી રોહિતભાઈ મહેતાએ આઈ.એમ.સી. ની મેનેજિંગ કમિટિના સભ્યોને સંબોધ્યા હતા, પ્રમુખશ્રીએ ચેમ્બરની પ્રવૃત્તિઓ, ચેમ્બર ધ્વારા આયોજીત પ્રદર્શનો, ચેમ્બર ધ્વારા તૈયાર કરવામાં આવેલ સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર તથા સુરતના વેપાર–ઉદ્યોગની વિગતવાર માહિતી સભ્યોને આપી હતી. સુરતના વેપાર ઉદ્યોગને દેશના અન્ય સમૃધ્ધ શહેરો સાથે જોડવા, સુરત એરપોર્ટ પરથી વિવિધ શહેરોને જોડતી ફલાઈટસ શરૂ થાય તે અત્યંત જરૂરી છે તેવી રજૂઆત ભારપૂર્વક આઈ.એમ.સી.ના સભ્યો સમક્ષ કરી હતી અને ચેમ્બરના આ પ્રયાસમાં આઈ.એમ.સી. મદદરૂપ થાય તેવી અપીલ કરી હતી.

ઉપસ્થિત સભ્યોએ પ્રમુખશ્રીની વાતને હકારાત્મક પ્રતિભાવ આપતા તેમની વાતમાં સુર પુરાવ્યો હતો અને જણાવ્યું હતું કે, સુરતને દેશના અન્ય શહેરો સાથે એર કનેકટીવીટી મળવાથી વેપાર ઉદ્યોગનો વિકાસ ઝડપી બનશે અને તે માટે તેઓએ મદદરૂપ થવા તત્પરતા દાખવી હતી.